Presented on : 02-12-2022
Registered on : 02-12-2022
Decided on : 30-01-2023
Duration : Y, M, D.
00 01 28

**આંક :-૦૮**

**(૧) ફોર્મ – એ**

| |
|---|
| **થાનગઢના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,** <br> **શ્રી એ.એફ.અન્સારી પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ,** <br> જજમેન્ટ ની તારીખ : ૩૦/૦૧/૨૦૨૩ <br> ફોજદારી કેસ નં. ૪૩૬/૨૦૨૨ <br> થાનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૧૦૫૦૨૧૦૪૧૧/૨૦૨૧ <br> પ્રોહીબીશન એકટની કલમ-૬૫એ.એ. |
| **ફરીયાદી : શ્રી સરકાર** |
| **ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.જે. ચૌહાણ** |
| **આરોપી : ભાવનાબેન વા/ઓ ભુપતભાઈ સોમાભાઈ મકવાણા, ઉ.વ.૩૫,** <br> **રહે. રુપાવટી રોડ થાનગઢ, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર** |
| **આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી વી.એમ.દાણા** |

**(૨) ફોર્મ – બી**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૨૦/૧૧/૨૦૨૧ |

| | |
|---|---|
| એફ.આઇ.આર. ની તારીખ : | ૨૦/૧૧/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ : | ૦૨/૧૧/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | ૨૩/૧૨/૨૦૨૨ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ : | ૧૩/૦૧/૨૦૨૩ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | ૩૦/૦૧/૨૦૨૩ |
| જજમેન્ટની તારીખ : | ૩૦/૦૧/૨૦૨૩ |
| સજાના હુકમની તારીખ : (જો હોય તો) | – |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | કયા ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી / નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી.આર.પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનાબેન વા/ઓ ભુપતભાઇ સોમાભાઇ મકવાણા | ૨૦/૧૧/૨૦૨૧ | ૨૦/૧૧/૨૦૨૧ | પ્રોહી. કલમ–૬૫એ.એ. | નિર્દોષ | – | – |

**(૩) ફોર્મ – સી**

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત**

**એ : ફરીયાદપક્ષ**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | હરેશભાઇ નારણભાઇ ખમાણી | પંચ સાહેદ |
| ૨ | નરેશભાઇ ભગવાનભાઇ પરમાર | પંચ સાહેદ |

**બી : બચાવપક્ષ**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | નીલ | નીલ |

**સી: કોર્ટ સાક્ષી**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | નીલ | નીલ |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત**

**એ : ફરીયાદપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું |

**બી : બચાવપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| | નીલ | નીલ |

**સી: કોર્ટ દસ્તાવેજ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| | નીલ | નીલ |

**-:: ચૂકાદો ::-**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ કલાક ૧૯:૨૦ વાગ્યે ગે.કા. પાસ પરમીટ વગર રુપાવટી રોડ ઉપર પોતાના હાથમાં દેશી દારુ લીટર-૧૫ કિં.રૂ.૩૦૦/- નો પોતાના કબજામાં રાખી હેરાફેરી કરી પોતાના કબ્જામાં રાખી મળી આવી ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫એ.એ. મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૧૧૦૫૦૨૧૦૪૧૧/૨૦૨૧ થી નોંધી ગુન્હાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને સમન્સની બજવણી થતાં તે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ક્રિ.પ્રો. કોડની કલમ-૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ તેની સામેના ગુન્હાનું તહોમતનામું આંક-૦૩ થી ફરમાવી અને આરોપીની આંક-૦૪થી

ગુન્હા અંગે કબુલાતની પૃચ્છા બાબતની પ્લી નોંધતા આરોપીએ ગુન્હો કબૂલ કરવાનો ઈન્કાર કરેલ, જેથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

**૩.** ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા:–</u>**

| અનું. નં. | આંક– | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | પંચ સાહેદ હરેશભાઈ નારણભાઈ ખમાણીની સોગંદ ઉપર જુબાની |
| ૨ | ૦૭ | પંચ સાહેદ નરેશભાઈ ભગવાનભાઈ પરમારની સોગંદ ઉપર જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવા:–</u>**

| અનું. નં. | આંક– | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું |

**૪.** ફરિયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ ન થતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત રજૂ પુરાવા પરથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ.

**૫.** આ કામના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દાઓ ::</u>**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ કલાક ૧૯:૨૦ વાગ્યે ગે.કા. પાસ પરમીટ વગર રુપાવટી રોડ ઉપર પોતાના હાથમાં દેશી દારુ લીટર–૧૫ કિં.રૂ.૩૦૦/– નો પોતાના કબજામાં રાખી હેરાફેરી કરી પોતાના કબ્જામાં રાખી મળી આવી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એ.એ. મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**૭. :: નિર્ણય અંગેના કારણો ::**

**<u>મુદ્દા નં.૧.</u>**

આ કામે ફરિરયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે આ કામે આંક–૦૫ થી પંચ સાહેદ હરેશભાઈ નારણભાઈ ખમાણી તથા આંક–૦૭ થી પંચ સાહેદ નરેશભાઈ ભગવાનભાઈ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૦૬ ના પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક–૦૬ના પંચનામાની વિગત આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ દારૂ મળી આવેલાની હકીકતને સમર્થન આપેલ નથી. તેમણે પોલીસના કહેવાથી એક લખેલા કાગળમાં સહી કરેલી તે સિવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી તેમ જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે તેમાં પણ તેઓએ આંક–૦૬ના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદપક્ષ આ પંચ સાહેદોની જુબાનીથી આરોપીના કબ્જામાંથી આંક–૦૬ના પંચનામા મુજબનો મુદ્દામાલ મળી આવેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે આ કામે પંચ સાહેદો સિવાયના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. આ કામે પંચ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, પરંતુ તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી જેથી મુદ્દામાલ દારૂ કે વોશ આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી કબ્જે કરવામાં આવેલ હોવાનું ફરિયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરી શકેલ નથી. વધુમાં સદર કામે પકડવામાં આવેલ મુદ્દામાલ બાબતે તપાસ કરનાર અમલદારે તે મુદ્દામાલનો કોઈ જ એફ.એસ.એલ.નો રિપોર્ટ મેળવ્યો હોય કે આ કામે સામેલ રાખ્યો હોય તેવુ બનેલ નથી. આમ, સદર મુદ્દામાલ દારૂ કે વોશ હતો તેવુ નિ:શંકપણે પુરવાર થતુ નથી. આમ, ફરિયાદપક્ષ આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાની હકીકત પુરવાર શકી શકેલ ન હોઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. સબબ આ કામે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી ભાવનાબેન વા/ઓ ભુપતભાઇ સોમાભાઇ મકવાણા, ઉ.વ.૩૫, રહે. રુપાવટી રોડ થાનગઢ, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર વાળાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) મુજબ પ્રોહીબીશન એકટની કલમ–૬૫એ.એ. મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવો.

**૩.** આથી આરોપીના ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયના જામીન અગાઉ રજુ કરેલ રેગ્યુલર જામીનને છ માસ સુધી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૩૦મી માહે જાન્યુઆરી સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૧/૨૦૨૩
થાનગઢ

(અકબરઅલી ફખ્રેઆલમ અન્સારી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
થાનગઢ
**યુનિક કોડ નં.જીજે ૦૧૨૬૪**